**DATE: 25/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ભરૂચનો યુવાન ગઠિયાઓની જાળમાં ફસાયો, રાજકોટના ખાતાધારકની પોલીસે ધરપકડ કરી

# તગડો નફો મેળવવા જતાં 36.59 લાખ ગુમાવી દીધાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ સાયબર ક્રાઈમ પોલીસે ઈ-કોમર્સ ફ્રોડના કેસમાં રાજકોટના અરજણ ઉર્ફે અજય વિઠ્ઠલ આસોદરીયાની ધરપકડ કરી છે.

આરોપી સામે રૂ.36.59 લાખની છેતરપિંડીનો આરોપ છે.શક્તિનાથ વિસ્તારના મેહુલ પ્રજાપતિએ 9 જાન્યુઆરી 2025ના રોજ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદીએ એક મેટ્રોમોનીયલ વેબસાઈટ પર ફેક પ્રોફાઈલ સાથે સંપર્ક કર્યો હતો. ત્યારબાદ એક ઈ-કોમર્સ વેબસાઈટ પર ઓછા રોકાણે વધુ નફાનું આકર્ષણ આપવામાં આવ્યું હતું. શરૂઆતમાં નફાની રકમ ખાતાધારકના ખાતામાં જમા કરાવીને ફરિયાદી વિશ્વાસ જીત્યો હતો. બાદમાં વધુ નફો મળ્યો હોવાના મેસેજ કરી નફાની રકમ મેળવવા અમુક ડોલર ભરવા પડશે તેમ કહી એકાઉન્ટ બ્લોક કરી દીધું હતું.

એકાઉન્ટમાંથી વધારે પૈસા કાઢવાની લાલચમાં યુવાને ગઠિયાઓને 36.59 લાખ રૂપિયા આપી દીધાં હતાં. પોતે છેતરાયો હોવાનું લાગતાં યુવાને સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી. તપાસમાં આ તમામ રૂપિયાયુકો બેંકના બે એકાઉન્ટમાં લાખ જમા થયાની માહિતી મળી હતી.

આ એકાઉન્ટ ધારક અજય આસોદરીયાની ધરપકડ કરવામાં આવી છે. આરોપી અગાઉથી અનેક સાયબર ફ્રોડના કેસમાં સંડોવાયેલો છે. રાજકોટના યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં પણ તે વોન્ટેડ છે.



### આરોપીએ 22 બનાવટી ખાતાઓ ખોલાવ્યાં

આરોપીએ તેના સાગરિતો સાથે મળી 22 નકલી બેંક એકાઉન્ટ ખોલાવ્યા હતા. લોકોના દસ્તાવેજો અને સિમકાર્ડનો ઉપયોગ કરી આ ફ્રોડ આચર્યો હતો. દરેક એકાઉન્ટ માટે રૂ.11,000 કમિશન લેવામાં આવતું હતું અને રૂ.10,000 લોન પેટે આપવામાં આવતા હતા. પોલીસે અન્ય આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

**DATE: 25/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-03**

# અંકલેશ્વરમાં રિક્ષામાં વૃદ્ધાના સોનાના દાગીના સેરવીને ફરાર ઠગ મહિલા સહિત બે ઝડપાયા

**અંકલેશ્વર** પોલીસે સુરતની લાજપોર જેલમાંથી ટ્રાન્સફર વોરંટથી કબ્જો મેળવી કાર્યવાહી હાથ ધરી

અંકલેશ્વર : અંકલેશ્વરમાં રિક્ષામાં બેસેલી વૃદ્ધ મહિલાને વાતોમાં ફસાવીને તેણીએ પહેરેલા સોનાના ઘરેણા ચાલાકી કરી સેરવી પલાયન થઈ ગયેલી ઠગ મહિલા સહિત બેની પોલીસે ટ્રાન્સફર વોરંટથી કબ્જો મેળવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અંકલેશ્વર શહેરના પંચાટી બજાર ખાતે રહેતા 74 વર્ષીય વૃદ્ધ મહિલા અરુણાબેન રાણા અંકલેશ્વરના હનુમાન વાડી ખાતે ભંડારામાં જઈ રહ્યા હતા. તે દરમિયાન માર્ગમાં તેઓને એક રિક્ષામાં સવાર બે ભેજાબાજો ભટકાઈ ગયા હતા. જેમાં એક રિક્ષા ચાલક અને અન્ય એકે બુરખો પહેર્યો હતો. વૃદ્ધ મહિલાને પોતાની વાતોમાં ફસાવીને તેણીએ પહેરેલા સોનાના ઘરેણા એક રૂમાલમાં બંધાવ્યા હતા અને હાથ ચાલાકીથી રૂપિયા 1.17 લાખની કિંમતના દાગીના લઈને ફરાર થઈ ગયા હતા. ઘટના અંગે અરુણાબેન રાણાએ શહેર એ-ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ફરાર ગઠિયાઓનુ પગેરુ શોધવાની કવાયત હાથ ધરી હતી. દરમ્યાન સુરત ખાતે આજ પ્રકારના અન્ય ગુનામાં ઝડપાયેલી મહિલા સહિત અન્ય એક ઠગ સુરતની લાજપોર જેલમાં જ્યુડીશયલ કસ્ટડીમાં હતા. તેમની સંડોવણી બહાર આવતા અંકલેશ્વર એ ડિવિઝન પોલીસે ટ્રાન્સફર વોરંટથી તેમનો કબ્જો મેળવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે આ ગુનામાં સામેલ ઠગ મહિલા સના પરવીન ગુલામનબી શેખ તેમજ રીક્ષા ચાલક મોહમ્મદ અસ્પાક શેખ (બંને રહે. સુરત) ને અટકમાં લીધા હતા.

**DATE: 26/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-10**

# અંકલેશ્વરમાં યોગા શિક્ષક પત્નીની હત્યા કરનાર પતિની ધરપકડ

**યોગા** ટીચરનું દાદર ઉપરથી પડી જતા મોતના બનાવ બાદ ભાઈએ હત્યાની આશંકા વ્યક્ત કરી હતી

**પતિના** અન્ય મહિલા સાથેના સંબંધને પગલે પતિ-પત્નિ વચ્ચે અવાર નવાર ઝઘડા થતા હતા



અંકલેશ્વર : અંકલેશ્વરમાં યોગા ટીચર હિના ચૌહાણની હત્યાના ગુનામાં પોલીસે છેવટે તેણીના પતિ દિપક ચૌહાણની અટકાયત કરી ઘનિષ્ઠ તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

અંકલેશ્વરમાં યોગા ટીચર હિના ચૌહાણનું દાદર ઉપરથી પડી જતા મોત નીપજ્યાના બનાવ બાદ તેણીના ભાઈએ હત્યા થઇ હોવાની આશંકા વ્યક્ત કરતા પોલીસે તેણીના મૃતદેહનું પોસ્ટ મોર્ટમ કરાવ્યા બાદ મૃતકના પતિ સામે હત્યાનો ગુનો દર્જ કરી તપાસ હાથ ધરી હતી. દરમ્યાન પોલીસે મૃતકના પતિ દિપક સામે ચીંધાયેલી શંકાની સોયના આધારે વધુ તપાસ હાથ ધર્યા બાદ તેની અટકાયત કરી સઘન પુછપરછ હાથ ધરી હતી. સમગ્ર ઘટનામાં વધુ ભેદ બહાર આવે એવી શક્યતા દેખાઈ રહી છે.

ઉલ્લેખનીય છેકે પતિના અન્ય મહિલા સાથે લગ્નેતર સંબંધને પગલે પતિ પત્નિ વચ્ચે અવાર નવાર ઝઘડાઓ થતા હતા. આ દરમ્યાન મૃતક હિના ચૌહાણ અન્યત્ર ભાડાના મકાનમા રહેવા જતા બંને વચ્ચેનો ખટરાગ વધ્યો હતો અને તે ચરમ સીમાએ પહોંચ્યો હતો અને કરુણ અંજામ સુધી પહોંચવા પામ્યો હતો.

DATE: 26/05/2025 CATEGORY: GREEN
E-PAPER GUJARAT SAMACHAR PAGE-03

# અંકલેશ્વરમાં મોબાઈલ એપ્લિકેશનથી ક્રિકેટનો સટ્ટો રમતા ૩ શખ્સ ઝડપાયા

અંકલેશ્વર તા. ૨૫

અંકલેશ્વર શહેરના ઉન્નતી નગર પાસેથી ચાઈનીઝની લારી પર મોબાઈલ એપ્લિકેશન દ્વારા ક્રિકેટ પર સટ્ટો રમતા ત્રણ શખ્સની પોલીસે ધરપકડ કરી હતી.

અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસે બાતમીના આધારે ચૌટાનાકા નજીક આવેલા ઉન્નતીનગર પાસે ચાઈનીઝની લારી પર રેડ કરી હતી.પોલીસ રેડમાં મોબાઈલ એપ્લિકેશન દ્વારા ઓનલાઈન ક્રિકેટ પર સટ્ટો રમતા ઈમરાન ઉર્ફે મરઘી દિલાવરશા દિવાન તથા શોકત હુસેન અબ્દુલ રજાક પઠાણ અને ચાઈનીઝ લારી ચાલવતા દિપક સોનીની પોલીસે ધરપકડ કરી હતી.પોલીસે ત્રણ સટ્ટાખોરોની ધરપકડ કરી રોકડા રૂ. ૧૧,૩૦૦ અને મોબાઈલ એક રૂ. ૫૦૦૦ મળી કુલ રૂ. ૧૬,૩૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 26/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

બેરલ અને મીણિયા થેલાઓમાં દારૂ ગાળવાના સાધનો મળ્યા

# ઊંટિયા ગામે દેશી દારૂ સહિતનો રૂા. ૧.૦૪ લાખનો મુદ્દામાલ ઝડપાયો

## ઝઘડિયા પોલીસે દેશી દારૂ ગાળનાર એક ઈસમને ઝડપી લીધો

। ઝઘડિયા ।

ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના ઉંટિયા ગામેથી પોલીસે દેશી દારૂ અને ભઠ્ઠીમાં દારૂ ગાળવાના વોશ અને ફટકડી સહિત કુલ રૂપિયા ૧૦૪૩૦૦ ના મુદ્દામાલ સાથે દારૂ ગાળવાના ગુના હેઠળ એક ઈસમને ઝડપી લીધો હતો. આ અંગે ઝઘડિયા પોલીસમાંથી મળતી વિગતો મુજબ ઝઘડિયા પીઆઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમને પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળેલ કે ઉંટિયા ગામનો અલ્પેશભાઈ ઉર્ફે લાલો કાન્તિભાઈ વસાવા ગામના કબ્રસ્તાન નજીક છાપરું બનાવીને તેમાં દેશી દારૂ ગાળીને તેનું વેચાણ કરે છે. પોલીસે મળેલ બાતમી મુજબના સ્થળે રેડ કરતા ત્યાં છાપરાની નીચે બે ચુલા બનાવીને એલ્યુમિનિયમના તગારા પીપ અને પાઈપોના ઉપયોગથી ભઠ્ઠી બનાવી હતી, છાપરામાં અને છાપરા બહાર મળીને કુલ ત્રણ ભઠ્ઠી બનાવેલ હતી.અને તેનાથી દારૂ બનાવાતો હતો. પોલીસ તપાસ દરમિયાન નાનામોટા કુલ ૮ જેટલા કાર્બાઓમાં તેમજ ચાર મીણીયા કોથળાઓમાં રાખેલ પ્લાસ્ટિકની થેલીઓમાં ભરેલ દેશી દારૂ મળી આવ્યો હતો, તથા છાપરાથી થોડે દુર ઝાડી ઝાંખરામાંથી મળેલ ૪૫ જેટલા બેરલોમાં દારૂ ગાળવાનો વોશ તેમજ બે મીણીયા થેલાઓમાં ભરેલ ફટકડી મળી આવેલ હતી. પોલીસે દેશી દારૂ ગાળવાની ભઠ્ઠીના સ્થળ ઉપરથી મળી આવેલ દેશી દારૂ લીટર૧૯૦ કિંમત રૂપિયા ૩૮૦૦૦, દારૂ ગાળવાનો વોસ લીટર ૨૨૫૦ કિંમત રૂપિયા ૫૬૨૦૦ , ફટકડી કિલો ૪૫ કિંમત રૂપિયા ૨૨૫૦, ગરમ વોસ લીટર ૩૦૦ કિંમત રૂપિયા ૭૫૦૦ તેમજ એલ્યુમિનિયમના ત્રણ તગારા કિંમત રૂપિયા ૩૦૦ મળી કુલ રૂપિયા ૧૦૪૩૦૦ ના મુદ્દામાલ સાથે અલ્પેશભાઈ કાન્તિભાઈ વસાવા રહે.ગામ ઉંટિયા તા:ઝઘડિયા જિ. ભરૂચનાને ઝડપી લઈને કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 27/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### આરોપી અને તેની ટોળકીના આતંકને પગલે ખેડૂતો ખેતરોમાં જતાં ગભરાતાં હતાં

# અંકલેશ્વરના ખેતરોમાં કોપર ચોરી કરનાર આરોપી 7 વર્ષ બાદ મધ્યપ્રદેશથી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં 9 ટ્રાન્સફોર્મરમાંથી કોપર ચોરી અને લૂંટમાં ફરાર આરોપીને 7 વર્ષે મધ્યપ્રદેશથી ઝડપી પાડવામાં પોલીસને સફળતા મળી છે.ભરૂચ એલસીબીની ટીમને ચોક્કસ માહિતી મળી હતી કે અંકલેશ્વરમાંકોપર ચોરીના ગુનામાં સંડોવાયેલો આરોપી કલ્લો વાખલા મધ્યપ્રદેશના જાંબુઆમાં હોવાની માહિતી



મળી હતી. જેથી એલસીબીની એક ટીમને મધ્યપ્રદેશ રવાના કરવામાં આવી હતી.આરોપી અને તેની ટોળકી અંકલેશ્વર વિસ્તારમાં ખેડૂતોના ખેતરોમાં લગાવેલા વીજ ટ્રાન્સફોર્મર (ડીપીઓ)માંથી કોપરની ચોરી કરતી હતી. ટોળકીએ વિસ્તારમાં એવો ભય ફેલાવ્યો હતો કે ખેડૂતો રાત્રે એકલા ખેતરમાં જવાથી ડરતા હતા. આ પ્રવૃત્તિથી ખેડૂતોને મોટું નુકસાન થયું હતું. ટ્રાન્સફોર્મર તોડી નાખવાથી તેઓ પોતાના પાકને પાણી આપી શકતા નહોતા. પોલીસે આ ગેંગના અન્ય સભ્યોને પહેલા જ પકડી લીધા હતાં પરંતુ કલ્લા ફરાર હતો. આરોપી વિરુદ્ધ ધાડ અને ચોરીના કુલ 9 ગુના નોંધાયેલા છે.આ કામગીરીમાં સ્થાનિક પોલીસની મદદ લેવામાં આવી હતી.

### ડીજીવીસીએલના ટ્રાન્સફોર્મર તોડી પાડયા

ગેંગના સાગરિતો ગામડાઓની સીમમાં લાગેલા ખેતી વિષયક ટ્રાન્સફોર્મર તોડી તેમાંથી કોપરના વાયરોની ચોરી કરીને ફરાર થઈ જતાં હતાં. આ કોપરના વાયરોને વેચીને રોકડી કરી લેતાં હતા. નવ જેટલા સભ્યોની ગેંગે અંકલેશ્વર તાલુકાના ગામડાઓમાં હાહાકાર મચાવી દીધો હતો.

**DATE: 28/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# ભરૂચ મારવાડી ટેકરા પાસેથી દારૂ ઝડપાયો

ભરૂચ । ભરૂચના મારવાડી ટેકરા પાસે રેડ દરમ્યાન 36 હજારનો દારૂ ઝડપી પાડી 3 બુટલેગરો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.મારવાડી ટેકરા પાસે રહેતા લિસ્ટેડ પ્રોહી બુટલેગર નવાબ ઉર્ફે નબુ દિવાનની ઘરે એ ડિવિઝન પોલીસની ટીમ બાતમી મુજબ રેડ કરતા ઘરમા અલગ અલગ જગ્યાએ વેચાણ કરવા માટે સંતાડેલો દારૂની કુલ બોટલ નંગ 192 રૂ 36,480 તેમજ મોબાઈલ રૂ 5,000 મળી કુલ 41,480નો મૃદામાલ જપ્ત કરી દારૂ સપ્લાય કરનાર દાંડીયા બજારના અભિષેક કહાર અને ઝાડેશ્વરના જયલો માછી પટેલ સામે કાર્યવાહી માટે તપાસના હાથધરી હતી.

**DATE: 28/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-05**

### પૂછપરછમાં નયન અને તિલકનું નામ બહાર આવ્યું

# પોલીસની જાસૂસી કરનાર બૂટલેગર નયન બોબડા સહિત ૪ પકડાયા

## પોલીસે નયન, તિલક અને અક્ષયનો કબજો મેળવી તપાસ શરૂ કરી

। ભરૂચ ।

આમોદ પોલીસની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, આમોદ-આછોદ રોડ પર મોટા પુલ પાસે આવેલા ઓએનજીસીના વેલ નજીક કેટલાક અસામાજીક તત્વો કોઈ ગુનાહીત કૃત્યને અંજામ આપવાની ફિરાકમાં ઉભા છે. જેના પગલે ટીમે સ્થળ પર પહોંચતા એક બ્રેઝા કાર પાસે આછોદ ગામે પાણીની ટાંકી પાસે રહેતો હનીફ નિઝામ પઠાણ તેમજ પોલીસની જાસુસી કાંડમાં ઝડપાયેલો નયન ઉર્ફે બોબડો કિશોર કાયસ્થ જણાયા હતા.

બીજી તરફ ત્યાં અન્ય એક ટકસન કાર પાસે તિલક હરિકૃષ્ણ પટેલ રહે.જયોતિનગર-૨ તેમજ ચીંતન ઉર્ફે અક્ષય જશવંત વસાવા, રહે.રાધે રેસીડન્સી, ચાવજ પણ ઉભેલા હોઈ ટીમે ચારેયને શંકાના આધારે ઝડપી પાડી તેમની પાસેથી બે કાર, તેમજ તેમના મોબાઈલ, સોનાના દાગીનાઓ સહિત કુલ ૨૧ લાખથી વધુની મતાનો મુદ્દામાલ



જપ્ત કર્યો હતો. વાહનો પણ તેમની માલિકીના ન હોવાનું પ્રાથમિક તપાસમાં માલુમ પડયુ હતુ. દરમ્યાનમાં ભરૂચ એલસીબીએ ફેબ્રુઆરી મહિનામાં પ્રોહિબિશનનો એક કેસ ભરૂચ સી. ડીવીઝન પોલીસ વિસ્તારમાં કર્યો હતો. જેમાં ચિંતન ઉર્ફે અક્ષય વસાવા વોન્ટેડ હોઈ પોલીસે તે તેની ઉલટ તપાસ કરતા તેણે કબુલ્યુ હતુ કે, તે નયન બોબડો અને તિલક પટેલ સાથે મળીને વિદેશી દારૂનો વેપલો કરે છે. જેથી ભરૂચ સી. ડીવીઝન પોલીસે ત્રણેયનો કબજો મેળવી તેમના રિમાન્ડ મેળવવાની કવાયત હાથ ધરી છે.

**DATE: 29/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### લાઇન વોકરની નોકરીના બહાને 98 જેટલા લોકો સાથે ઠગાઇ કરી ભાગી ગયો હતો

# અંકલેશ્વર ઓએનજીસીમાં નોકરીના બહાને 1.84 લાખ પડાવી લેનાર બિહારથી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરની ઓએનજીસી કંપનીમાં કાયમી નોકરીની લાલચ આપી રૂ.1.84 કરોડ રૂપિયાનું ફુલેકુ ફેરવનારમુખ્ય સૂત્રધારને પોલીસે બિહારના બકકસથી ઝડપી પાડયો છે. આરોપીએ 98 લોકો પાસેથી 2 થી 2.50 લાખ રૂપિયા પડાવી લીધાં છે. આરોપીએ અંકલેશ્વર, ખંભાત, હજીરા અને મહેસાણામાં આવેલી ઓએનજીસીમાં સિક્યુરીટી કોન્ટ્રાકટમાં નોકરીની લાલચે પૈસા ખંખેરી લીધાં હતાં. આરોપીને કોર્ટમાં રજૂ કરી તેના 3 દિવસના રીમાન્ડ મેળવાયાં છે. આરોપીએ તેના 50 પરિચિતો તેમજ ઠાકોર, આહીર તથા અન્ય સમાજના મળી 40 મળી કુલ 98 લોકો પાસેથી 1.84 કરોડની માતબર રકમ પડાવી લીધી હતી.

**કેવી રીતે કૌભાંડ આચર્યું ?** અંકલેશ્વરની અમૃત કુંજ સોસાયટીમાં રહેતા ઘનશ્યામ રાજપૂત જય હિંદ સિક્યુરિટી સર્વિસ ચલાવે છે.તેઓ અંકલેશ્વર ઓએનજીસીમાં ફીલ્ડ ઓફિસર તરીકે ખાનગી કંપનીના કોન્ટ્રાક્ટ માં નોકરી કરતા હતા. તેમનો પરિચય વિરાટનગરમાં રહેતાં ઓગસ્ત પાંડે સાથે થયો હતો અને તેણે પોતાની ઓળખ પશ્ચિમ બંગાળમાં નેશનલ ઈન્વેસ્ટિગેશન સિક્યુરિટી સર્વિસમાં મેનેજર તરીકેની આપી હતી. તેણે ઓએનજીસીમાં સિક્યુરીટી સર્વિસનો કોન્ટ્રાકટ રાખ્યો છે અને તેમાં લાઈન વોકરની જરૂરિયાત છે તેમ કહયું હતું. હજીરા તેમજ મહેસાણા ખાતે એક માણસ દીઠ અઢી લાખ રૂપિયા અને ખંભાત ખાતે એક માણસ દીઠ બે લાખ રૂપિયા ભરવાના છે.તેમ કહી 1.84 કરોડ પડાવી લીધાં હતાં.

**DATE: 29/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### અંકલેશ્વર જીઆઈડીસી ઓફિસ પાસેથી

# વિદેશી શરાબ ભરેલી કાર સાથે બે બૂટલેગરને પોલીસે દબોચ્યાં

## કુલ રૂા.૧૦ લાખનો મુદ્દામાલ જપ્ત, અન્ય ૧૩ વૉન્ટેડ જાહેર

। અંકલેશ્વર ।

અંકલેશ્વર વાલિયા રોડને અડીને આવેલ જીઆઈડીસી ઓફિસ પાસેથી ભરૂચ એલસીબી પોલીસની ટીમે વિદેશી દારૂ ભરેલી કાર ઝડપી પાડી હતી.અને બે કાર સાથે બે બુટલેગરની ધરપકડ કરીને કુલ રૂપિયા ૧૦ લાખ ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ અંકલેશ્વરમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન સફેદ સ્વિફ્ટ કારમાં વાલિયાથી વિદેશી દારૂ ભરીને અંકલેશ્વર તરફ આવી રહી હોવાની બાતમી મળી હતી,જે ચોક્કસ બાતમીને આધારે પોલીસે વોચ ગોઠવી હતી.અને વાલિયા રોડને અડીને આવેલ જીઆઈડીસી ઓફિસ પાસેથી પોલીસે વિદેશી દારૂ ભરેલ સ્વીફ્ટ કાર અને આ કારનું પાયલોટિંગ કરતી ઈક્કો કાર ઝડપી પાડી હતી.



કારમાં દારૂની હેરાફેરી કરતાં બે બૂટલેગરો ઝડપાયા હતાં.

પોલીસે વાલિયાના ગભાણ ગામના બુટલેગર સતીષ વસાવા અને વિપુલ વસાવાની ધરપકડ કરી હતી.જ્યારે વિદેશી દારૂનો જથ્થો જ્યાં જ્યાં પહોંચાડવાનો હતો તે ૧૩ જેટલા બુટલેગરોને વોન્ટેડ જાહેર કર્યા હતા, એલસીબી પોલીસે આ અંગે પ્રોહિબિશન એક્ટ હેઠળ જીઆઈડીસી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.અને બે બુટલગર સાથે વિદેશી દારૂ અને બિયર,સ્વીફ્ટ અને ઈક્કો કાર,મોબાઈલ ફોન સહિતનો મુદ્દામાલ મળીને કુલ રૂપિયા ૧૦ લાખ ૨ હજાર રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.અને વધુ તપાસ શરૂકરી હતી.

**DATE: 30/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-03**

# અંકલેશ્વરમાંથી અમરેલીનો વોન્ટેડ આરોપી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અમરેલીના આરોપી મૂળ છોટાઉદેપુર ના કિરણ રાઠવા સગીરા સાથે અંકલેશ્વર જીઆઈડીસી માં માનવ મંદિર પાસે આવેલ એફ.આઈ.બી.સી કંપની ની કોલોની છે. જે માહિતી આધારે સર્ચ કરી પોલીસે કિરણ રાઠવા ને સગીરા સાથે ઝડપી પાડ્યા હતા. અને સગીરા ને કિરણ રાઠવા મુક્ત કરાવી હતી. અને આ અંગે જીઆઈડીસી પોલીસ ને સુપ્રત કરી ને અમરેલી ચલાલા પોલીસ મથકે જાણ કરતા અમરેલી પોલીસ અંકલેશ્વર આવવા નીકળી હતી.

DATE: 30/05/2025 CATEGORY: GREEN
E-PAPER GUJARATMITRA PAGE-11

# અંકલેશ્વરમાં સ્પાની આડમાં ચાલતા કુટણખાના ઉપર દરોડો, સંચાલક ઝડપાયો

અંકલેશ્વર, ભરૂચ : અંકલેશ્વરમાં સ્પાની આડમાં ચાલતા કુટણખાના ઉપર ભરૂચ એ.એચ.ટી.યુ.શાખા દ્વારા રેઈડ કરી સંચાલકની અટકાયત કરી હતી. ભરૂચ એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટનો સ્ટાફને બાતમી મળી હતી કે વાલિયા ચોકડી પાસે આવેલા ગોલ્ડન સ્કવેર કોમ્પલેક્સ સ્થિત ઓરેન્જ સ્પામાં કુટણખાનુ ચાલતુ હોવાની બાતમીના આધારે પોલીસે ડમી ગ્રાહકને મોકલ્યો હતો. જે બાદ ડમી ગ્રાહકે કુટણખાનુ ચાલતુ હોવાનો ભાંડો ફોડ્યો હતો. એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટે સંચાલક મહેશ વિષ્ણુ વિલારેને ઝડપી પાડ્યો હતો.

**DATE: 30/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-03**

### ટોલ ન ભરવા માટે બેરિયર તોડીને ડમ્પરો ભગાવી દીધાં હતાં

# મુલદ ટોલપ્લાઝા ખાતે મહિલાકર્મીને કચડવાના કેસમાં વધુ 1ની ધરપકડ

**ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર**

ભરૂચના માંડવા ટોલપ્લાઝા ખાતે ટોલ ન ભરવા માટે પુરઝડપે ડમ્પર હંકારીને બેરીયર તોડી મહીલા કર્મચારીને કચડી નાખવાનો પ્રયાસ કરાયો હતો. એક જ મહિનામાં ડમ્પરચાલકોએ બેરિયર તોડવાની ઘટના બની હતી. આ ઘટનાનો વિડિયો વાયરલ થયા બાદ પોલીસે ડમ્પરના ડ્રાઈવરો અને તેમના માલિકો સહિત 6 આરોપીની અગાઉ ધરપકડ કરી હતી. આ આરોપીઓનો વરઘોડો કાઢીને મહિલા કર્મચારીની માફી પણ મંગાવવામાં આવી હતી. આ કેસમાં વધુ એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે.એપ્રિલ અને મે માસ દરમિયાન અંકલેશ્વર ના માંડવા ટોલ પ્લાઝા પર ભૂમાફિયાઓ નો આતંક મચાવ્યો હતો. ઘટનામાં ઠાકર ધણી લખેલી ટ્રકના ચાલકે બેફામ રીતે વાહન હંકારીને મહિલા કર્મચારીનો જીવ જોખમમાં મૂક્યો હતો. અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે આતંક મચાવનારા ડમ્પરચાલકોની શોધખોળ કરી હતી અને સુરતથી ડ્રાઈવરો અને ટ્રાન્સપોર્ટરોની ધરપકડ કરી હતી. અગાઉ ઝડપાયેલાં આરોપીઓનું સરઘસ કાઢી તેમને મુલદ ટોલ પ્લાઝા ખાતે લઈ જઈને મહિલા કર્મચારી પાસે માફી મંગાવી હતી. આ કેસમાં વધુ એક ટ્રાન્સપોટર મફાભાઈ જોગરાણાની પોલીસે સુરત થી ધરપકડ કરી અંકલેશ્વર લઈ આવી હતી. આરોપીની વધુ પૂછપરછ શરૂ કરવામાં આવી છે.

DATE: 30/05/2025 CATEGORY: GREEN
E-PAPER GUJARAT SAMACHAR PAGE-04

# નેત્રંગ ખાતે મકાનમાંથી દારૂના જથ્થા સાથે બૂટલેગર ઝડપાયો

નેત્રંગ.તા.૨૯

ભરૂચ એલ સી બીએ નેત્રંગ ખાતે દરોડો પાડી નવી વસાહત વિસ્તારમાં રહેતા લિસ્ટેડ બૂટલેગરના મકાનમાંથી રૂ.૭૪,૨૪૦ ના દારૂ સાથે બૂટલેગરને ઝડપી પાડ્યો હતો.

## કંબોડીયા ગામના બૂટલેગરને વોન્ટેડ જાહેર કરાયો

ભરૂચ એલસીબીએ બાતમીના આધારે નેત્રંગ નગરના નવી વસાહતમાં રહેતો લીસ્ટેડ બૂટલેગર મોહન કિશન વસાવાના ઘર દરોડો પાડીને તપાસ કરતા મકાનના પાછલ ભાગમાં આવેલી ઓરડી માંથી દારૂનો જથ્થો રૂ.૭૪,૨૪૦ મળી મુદામાલ સાથે બૂટલેગર મોહન કિશન વસાવાને ઝડપી લીધો હતો. તેને દારૂનો જથ્થો આપનાર કંબોડીયા ગામનો પ્રવિણ ઉર્ફે બટકો ગુલાબ પાટણવાંડીયાને વોન્ટેડ જાહેર કરી પકડેલો મુદ્દામાલ કબજે લઈ નેત્રંગ પોલીસ સ્ટેશનમાં જમા કરાવી બંને સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી

**DATE: 31/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-03**

# અંકલેશ્વરમાં દારૂના ગુનામાં ફરાર બે આરોપી ઝબ્બે

**ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર**

અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં દારૂના ગુનામાં ફરાર બે આરોપીનો પોલીસે ટ્રાન્સફર વોરંટથી કબજો મેળવ્યો છે. ભરૂચના દાંડીયાબજારમાં રહેતાં કુખ્યાત નયન બોબડો અને ચાવજની રાધે રેસિડન્સીમાં રહેતો ચિંતન વસાવા બી ડિવિઝન પોલીસ સ્ટેશનના ગુનામાં વોન્ટેડ હતાં. આ બંનેની ભરૂચ તથા આમોદ પોલીસે ધરપકડ કરી હતી જેથી અંકલેશ્વર પોલીસે તેમનો ટ્રાન્સફર વોરંટથી કબજો મેળવ્યો છે.

**DATE: 31/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

## હાંસોટ રોડ ઉપર આમલાખાડી નજીક

# ૪ પોલીસ મથકમાં ઝડપાયેલા રૂ.૩૪ લાખના દારૂનો નાશ કરાયો

અંકલેશ્વર તા.૩૦

અંકલેશ્વર પોલીસ દ્વારા ૪ પોલીસ મથકમાં ઝડપાયેલા રૂ. ૩૪ લાખના દારૂના જથ્થા ઉપર હાંસોટ રોડ ઉપર આમલાખાડી નજીક રોલર ફેરવી નાશ કર્યો હતો. અંકલેશ્વર એ ડિવિઝન ,રૂરલ ,જીઆઈડીસી અને બી ડિવિઝન પોલીસે વિદેશીદારૂ ઝડપી પાડયો હતો. અંકલેશ્વર એ ડિવિઝન ,રૂરલ ,બી ડિવિઝન અને જીઆઈડીસી પોલીસ મથકમાં ગત વર્ષ દરમ્યાન ઝડપાયેલા દારૂનો હાંસોટ રોડ ઉપર આમલાખાડી નજીક પ્રાંત અધિકારી, ડીવાયએસપી, મામલતદારની ઉપસ્થિતિમાં રોલર ફેરવી નાશ કર્યો હતો.

**DATE: 31/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-07**

# અંકલેશ્વર હાઈવે પરથી કારમાંથી ચોરી કરનારી ગેંગનો વધુ એક ઝડપાયો

અંકલેશ્વરઃ વલસાડ સ્થિત બાલાજી વેફર્સના પ્લાન્ટમાં રહેતા ઓફિસર કલ્પેશ શાહ રાત્રિએ ઊંઘ આવતી હોવાથી તેઓ નવજીવન હોટલ સામે સર્વિસ રોડ પર કાર પાર્ક કરી સૂઈ ગયા હતા, તે દરમિયાન તેમના પહેરેલા સોનાના દાગીના અને મોબાઇલ અને તેની એસેસરીઝ મળી રૂ.7.78 લાખની ચોરી કરી અજાણ્યા ઈસમો ફરાર થઇ ગયા હતા. અંકલેશ્વર રૂરલ પોલીસે આસપાસના સીસીટીવી ફૂટેજ ચકાસતા બાઇકચાલક નજરે પડ્યો હતો. પોલીસે બાઈક નંબરના આધારે અગાઉ ચાર આરોપીઓને ઝડપી પાડી કુલ રૂ.4.35 લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ ગુનામાં વધુ એક આરોપી કિમ ચાર રસ્તા વિસ્તારમાં રહેતા જાવેદ ઉસ્માન વ્હોરાની પણ અટકાયત કરી હતી. પોલીસે તેની પાસેથી ચોરી કરેલા મોબાઈલ તેમજ ઈયર બર્ડ જપ્ત કર્યા હતા.

**DATE: 31/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### મોટાભાગના માછીમારી અને ટાઇલ્સ કટિંગના વ્યવસાય સાથે સંકળાયેલાં છે

# ભરૂચ- અંકલેશ્વરમાં પોલીસનું 7 કલાક સર્ચ 14 બાંગ્લાદેશી નાગરિકોની અટકાયત કરી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ અને અંકલેશ્વરમાં એસઓજી તથા એલસીબીની ટીમે સંયુક્ત ઓપરેશન હાથ ધરી 14 બાંગ્લાદેશી નાગરિકોને ઝડપી પાડયાં છે. આમાંથી મોટાભાગના પશ્ચિમ બંગાળથી સરહદ પાર કરીને ભારતમાં અને ત્યારબાદ અલગ અલગ રાજયોમાં થઈને ભરૂચ જિલ્લામાં સ્થાયી થયા હતાં. અમુક નાગરિકો 30 વર્ષથી જયારે અમુક 5 વર્ષ ઉપરાંતથી ભરૂચમાં રહેતાં હોવાની વિગતો સામે આવી છે. મોટાભાગના માછીમારી તથા ટાઈલ્સ કટિંગના વ્યવસાય સાથે સંકળાયેલાં છે. એલસીબી અને એસઓજીની ટીમે ગુરૂવારે રાત્રે 8 વાગ્યાથી ભરૂચ અને અંકલેશ્વરમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. જેમાં એલસીબી અને એસઓજીના 3-3 પોલીસ અધિકારીઓ અને 15 થી વધુ જવાનોનો સ્ટાફ જોડાયો હતો. સવારે 3 વાગ્યા સુધી ચાલેલી કામગીરીમાં 14 બાંગ્લાદેશી નાગરિકોને ઝડપી લેવાયાં હતાં. આ નાગરિકોની તપાસ દરમિયાન ભારતીય તેમજ બાંગ્લાદેશી દસ્તાવેજો મળ્યા છે.

## અગાઉ ઝડપાયેલાં 33ને તપાસ એજન્સીને સોંપાયાં

ભરૂચ જિલ્લામાંથી અગાઉ 33 બાંગ્લાદેશી નાગરિકોને ઝડપી લેવામાં આવ્યાં હતાં. આ તમામ નાગરિકોની પૂછપરછ બાદ તેમને તપાસ એજન્સીઓને ભરૂચ પોલીસે સોંપી દીધાં છે.

# દહેજમાં છેતરપિંડીના ગુનામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

દહેજ મરીન પોલીસ સ્ટેશનમાં વર્ષ 2016માં દાખલ થયેલ વિશ્વાસઘાતના ગુનામાં છેલ્લા નવ વર્ષથી નાસતો ફરતો આરોપી રાજસ્થાનના જોધપુરમાંથી પેરોલ-ફર્લો સ્કોડની ટીમે ઝડપી લીધો છે.ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ પેરોલ-ફર્લો જમ્પ અને નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. દહેજ મરીન પોલીસ સ્ટેશનનમાં નોંધાયેલા ગુનામાં નાસતો ફરતો આરોપી રાજેશ ઉર્ફે સહીરામ બિશ્નોઈથી શોધી કાઢી તેની ધરપકડ કરવામાં આવી છે.આરોપીને દહેજ મરીન પોલીસ સ્ટેશનના હવાલે કરીને આગળની કાનૂની કાર્યવાહી શરૂ કરી હતી.

**DATE: 01/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYBHASKAR PAGE- 02**

### ડ્રાઇવરો લઇને ભાગી ગયાં હતાં, જીપીએસ લોકેશનથી પત્તો મેળવ્યો

# ઝઘડિયા પોલીસે ગુમ 2 ટેમ્પા શોધીને મુળ માલિકોને પોલીસે પરત અપાવ્યાં

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા પોલીસે ગુમ થયેલાં બે ટેમ્પા શોધીને મુળ માલિકોને પરત અપાવ્યાં છે.તલોદરાના ભરત પટેલ પાસે બે ટેમ્પા છે. એક ટેમ્પો પર રાજેન્દ્ર યાદવ ડ્રાઈવર તરીકે કામ કરે છે. 3 મહિના પહેલાં અંકલેશ્વરથી ટેમ્પોમાં માલસામાન ભરીને તે ચેન્નાઇ ગયો હતો. ત્યારબાદ તે ઉત્તરપ્રદેશના જોનપુર પહોંચી ગયો હતો.તે ત્યાંથી પરત



આવ્યો ન હતો. તેમના બીજા ટેમ્પોનો ડ્રાઈવર બ્રિજેશ બહાદુર છે. તે પણ એક મહિના પહેલા માલ ભરીને ચેન્નઈ ગયેલ અને ત્યાંથી તેના ઘરે ટેમ્પો લઈને જતો રહયો હતો.

બંને ટેમ્પાઓ ગુમ થતાં માલિક ભરત પટેલે ઝઘડિયા જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં અરજી આપી હતી. પીએસઆઇ કે.પી.રાઠોડે તપાસ હાથ ધરી હતી. જેમાં બંને ટેમ્પાના જીપીએસ લોકેશનથી પતો મેળવ્યો હતો.એક ટેમ્પો વાપીથી અને બીજો કરજણ ટોલ પ્લાઝા નજીકથી શોધી કાઢવામાં આવ્યાં છે. બંને ટેમ્પાની કિંમત 51 લાખ રૂપિયા થવા જાય છે.

**DATE: 01/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE- 12**

### અંકલેશ્વરના ઉટિયાદરા ગામેથી

# વિદેશી દારૂ ઝડપાવાના મામલામાં વધુ એકની ધરપકડ

। અંકલેશ્વર ।

અંકલેશ્વર તાલુકાના ઉટિયાદરા ગામની શિલાખેલ સોસાયટીમાં ભાડેના મકાનમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડી રાખેલ છે, જેવી બાતમીના આધારે ભરૂચ એલસીબીએ દરોડા પાડ્યા હતા.

અંકલેશ્વરના ઉટિયાદરા ગામની શિલાલેખ સોસાયટીમાં ભાડે રાખેલ મકાનમાંથી વિદેશી દારૂ ઝડપાવવાના મામલે જંબુસરના બુટલેગરને પોલીસે ઝડપી પાડ્યો હતો. ગત તારીખ-૩જી મેના રોજ કોસંબાના બુટલેગર જીજ્ઞેશ કૌશિક પટેલ દ્વારા અંકલેશ્વર તાલુકાના ઉટિયાદરા ગામની શિલાખેલ સોસાયટીમાં ભાડેના મકાનમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડી રાખેલ છે.જેવી બાતમીના આધારે ભરૂચ એલસીબીએ દરોડા પાડ્યા હતા. પોલીસને સ્થળ પરથી વિદેશી દારૂની ૧૬૬૪ નંગ બોટલ મળી આવી હતી.પોલીસે ૩ લાખનો દારૂ અને ફોન તેમજ રોકડા મળી કુલ ૪.૦૬ લાખના મુદ્દામાલ સાથે જીજ્ઞેશ પટેલને ઝડપી પાડ્યો હતો.જ્યારે વિદેશી દારૂ મોકલનાર અને મંગાવનાર સહિત ૧૦ ઈસમોને વોન્ટેડ જાહેર કર્યા હતા.તે દરમિયાન પોલીસે ૧૦ પૈકી અગાઉ ૨ આરોપીને ઝડપી પાડ્યા બાદ આ ગુનામાં સંડોવાયેલ જંબુસરના ઉચ્છલ ગામના રાજ ફળિયામાં રહેતો કિરણસિંહ બળવંતસિંહ રાજને અંકલેશ્વરની વાલિયા ચોકડી ખાતેથી ઝડપી ભરૂચ એલસીબીએ તાલુકા પોલીસ મથકના હવાલે કર્યો હતો.

**ભાડાના મકાનમાંથી રૂા.૪ લાખનો દારૂ ઝડપાયો હતો**

**DATE: 01/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE- 02**

મોપેડ રાજપીપળા ચોકડી વિસ્તારમાં હોવાની માહિતી આધારે ઝડપાયો

# અંકલેશ્વરમાં મોપેડ ચોરી કરનાર રીઢો ચોર સુરતની ગેંગનો સાગરીત નીકળ્યો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



અંકલેશ્વર ક્રાઈમ બ્રાન્ચે પેટ્રોલિંગ દરમિયાન એક મહત્વપૂર્ણ સફળતા મેળવી છે. પોલીસને બાતમી મળી હતી કે નેત્રંગ પોલીસ મથકની હદમાં ચોરાયેલી એક્ટીવા સાથે એક શખ્સ રાજપીપળા ચોકડી વિસ્તારમાં ફરી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે શિવા મુર્થી ચોટીનાયક (30)ની ધરપકડ કરી હતી.આરોપી હાલ પીપોદરા, માંગરોળ (સુરત)માં રહે છે. પૂછપરછ દરમિયાન એક મોટો ખુલાસો થયો હતો. આરોપીએ તેના સાગરીતો સાથે મળીને પીપોદરા નજીક એક કાર ચાલકને શિકાર બનાવ્યો હતો. આરોપીઓએ કાર ચાલક પંક્ચર કરાવી રહ્યો હતો, ત્યારે તેની કારમાંથી 14 લાખ રૂપિયા ભરેલી બેગની ચોરી કરી હતી. પોલીસે આરોપીને બી ડિવિઝન પોલીસને સોંપ્યો છે. આ કેસમાં અન્ય ત્રણ આરોપી હજુ ફરાર છે, તેને પોલીસે વોન્ટેડ જાહેર કર્યા છે. પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

DATE: 01/06/2025 CATEGORY: GREEN
E-PAPER DIVYABHASKAR PAGE- 03

### પાનોલી પોલીસે વહેલી સવારે દરોડો પાડયો હતો

# ખરોડમાં અવાવરૂ સ્થળે બાંધી રખાયેલી 11 ગાયને બચાવાઈ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ખરોડ ગામે અવાવરું સ્થળ કતલ કરવાના ઈરાદે બાંધી રહેલા 11 ગૌવંશ ને મુક્ત કર્યા હતા. ચોક્કસ માહિતી આધારે પાનોલી પોલીસે કાર્યવાહી કરી 8 ગાય અને 3 વાછરડા ને મુક્ત કરાવી પાંજરાપોર મોકલી આપ્યા હતા. પોલીસે પ્રાથમિક નોંધ કરી કોણે બાંધ્યા હતા અને કોની માલિકી ના હતા તે અંગે તપાસ શરુ કરી હતી. ખરોડ ગામ ખાતે આગામી બકરા ઈદ અનુલક્ષીને કોઈ ઈસમ ગામના સિદી તળાવ પાસે આવેલ ચવાળા વગા માં 11 જેટલા ગૌ વંશ ને બાંધી રાખ્યા છે. તેવી માહિતી પાનોલી પોલીસને મળતા વહેલી પરોઢે સર્ચ કરતા વગા માં ઝાડ સાથે 8 ગાય અને 3 વાછરડા બાંધી રાખેલી હાલત માં નજરે પડ્યા હતા જો કે સ્થળ પર કોઈ ઈસમ ના મળી આવતા પોલીસે પ્રાથમિક 11 ગૌવંશ ને મુક્ત કરાવી ને પાંજરાપોળ ખાતે મોકલવાની તજવીજ હાથ ધરાઈ હતી.